**-:આંક-૧ નીચે હુકમ:-**

(૧) ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ધી ઈ.પી.કો. કલમ ૨૭૯/બી.એન.એસ.૨૮૧ વિગેરે મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ સ્થળે અને સમયે અને તારીખે પોતાના કબજાનું વાહન બેદરકારીભરી, ગફલતભરી રીતે ચલાવી લાવી વાહન ચાલકોની જિંદગી જોખમાય રાહદારીઓની જિંદગી જોખમાય તે રીતે ચલાવી લઈ ગુનો કરી પકડાઈ જઈ ગુનો કરેલ છે.

(૩) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતા તેઓની પ્લી લેવામાં આવતા તેમાં તેઓએ ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપીની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ઘ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીએ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું અને આરોપીની આર્થીક અને સામાજીક પરિસ્થિતી ઘ્યાને લેતા તેમજ પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તે ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ:**

૧) આરોપીને ધી ઈ.પી.કો. કલમ ૨૭૯/બી.એન.એસ.૨૮૧ વિગેરે મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/-(પાંચસો રૂપીયા પુરા )નો દંડ અને દંડ ન ભરે તો વિકલ્પે ૩ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

૨) મુદ્દામાલ પાવતીમાં જો વાહન અંગે અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય, તો તે કાયમ રાખવામાં આવે છે. જો મુદ્દામાલ વાહનનો હુકમ થયેલ ન હોય, તો ત.ક.અ. એ અથવા પોલીસ સ્ટેશનના સક્ષમ અધિકારીએ વાહનના માલીકીની ખરાઈ કરી, મુદ્દામાલ પરત કરવો તથા મુદ્દામાલ પરત કર્યાની એક યાદી અત્રેની કોર્ટને કરવી.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી આજરોજ સ્પે.સીટીંગ/લોકઅદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૪/૧૨/૨૦૨૪
સ્થળ:- નવરંગપુરા, અમદાવાદ

(ડી.એમ.બાવીશી)
પાંચમા સ્પે. સીટીંગ જજ
અમદાવાદ(ગ્રામ્ય), નવરંગપુરા
UIC NO GJ 01380